# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૨/ક્વા-૨/૧૯-૨૦/૮૨૭૧–h** **તા.૧૭–૧૨–૧૯**

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૨/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **કાંતિલાલ ધનજીભાઈ ગજેરા** ગામ: **ધોરાજી**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ધવલ કાંતિલાલ ગજેરા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ધોરાજી**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **જે.એ.ગોસાઈ** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ધોરાજી અને તેમની સાથે નાયબ અધિ. ( રેવ) શેશાંકિયા** હાજર રહેલ હતા.

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર )

૧.0 સદર કેસની સુનાવણી તા. ૧૯-૧૧-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર હાજર રહેલ** ન હતા. પરંતુ પીજીવીસીએલ તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **જે.એ.ગોસાઈ** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ધોરાજી અને તેમની સાથે નાયબ અધિ. ( રેવ) શેશાંકિયા** હાજર રહેલ હતા. આમ સદર કેસની સુનાવણી તા. ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર ) ના રોજ રાખવામાં આવેલ - જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર કાન્તિલાલ ધનજીભાઈ ગજેરા ગામ -ધોરાજી શહેર, તેઓની અરજીના નોંધણી નં: ૭૨/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓ ગ્રાહક નં.૩૩૭૦૮/૦૮૨૧૬/૮, વ્રજલાલ ધનજીભાઈ ગજેરા ગ્રાહક નં.– ૩૩૭૦૮/૦૮૨૧૭/૬, રાકેશ છગનભાઈ ગજેરા ૩૩૭૦૮/૦૮૨૧૮/૪, બાલધા કેતન છગનભાઈ ૩૩૭૦૨/૦૦૨૯૭/૯, મંજુલાબેન ચંદુલાલ બાલધા ૩૩૭૦૮/૦૮૯૭૬/૬ થી વીજજોડાણ ધરાવે છે, જેમાં સોલાર પાવર યુનીટ ખરીદ ભાવ રૂ.૩.૨૪ કરાર મુજબ થયેલ છે. પરંતુ, છેલ્લા ૦૬ માસ થી વીજબીલમાં રૂ.૨.૪૪ મુજબ – આકારણી કરાયેલ છે. જે કરાર મુજબ – રૂ.૩.૨૪ લેખે બીલ સુધારી આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અત્રેની કચેરી હેઠળના શહેર પેટા વિભાગ ધોરાજી ને મોકલવામાં આવેલ હતી. શહેર પેટા વિભાગ ધોરાજી ના કાર્યક્ષેત્ર હેઠળના ધોરાજી ગામ ના ગ્રાહક શ્રી કાન્તિલાલ ધનજીભાઈ ગજેરા દ્વારા ફોરમમાં સોલાર રૂફટોપ સીસ્ટમના યુનિટ ના ભાવ તફાવત બાબતે ફરિયાદ કરેલ હતી.ગ્રાહકશ્રી ની ફરિયાદ મુજબ તેઓશ્રી એ સોલાર પાવર યુનિટ ખરીદ ભાવ રૂ.૩.૨૪ પ્રમાણે કરાર થયો હતો.તેમજ પાછલા જુના બીલમાં પણ રૂ.૩.૨૪ મુજબ જ બીલ બનેલ છે પરંતુ છેલ્લા ૬ મહિનાના બીલમાં સોલાર યુનિટ ભાવ રૂ.૨.૪૪ થયેલ હોઈ કરાર મુજબ રૂ.૩.૨૪ ભાવ કરવાની ફરિયાદ કરવામાં આવેલ હતી.

3.૧ ઉપરોક્ત ગ્રાહકશ્રી ની રજૂઆત ધ્યાને લેતા તમામ ગ્રાહકોના સોલાર કરારને ધ્યાનમાં લઇ કરાર મુજબની તારીખ LT Billing માં સુધારો કરી સંબંધિત પેટાવિભાગીય કચેરી અપડેટ કરવા જણાવેલ.જેથી હવે પછી ગ્રાહકના સોલારનું બિલ તેમની રજૂઆત મુજબ રૂ.૩.૨૪ લેખે જ બનશે. તેમજ જુના રૂ.૨.૪૪ લેખે થયેલ બિલ તેઓશ્રીને રૂ.૩.૨૪ લેખે કરી આપી તફાવતની રકમ બીલમાં જમા આપવામાં આવશે. જે ગ્રાહક/ પ્રતિનિધિની ને મંજુર હોઈ સદર કેસ નું સંતોષકારક નિરાકરણ થયેલ છે આ સાથે ફોરમ સમક્ષ ગ્રાહકશ્રીની ફરિયાદના અનુસંધાને વિભાગીય કચેરી કક્ષાએ થી સમાધાન પુરસીસ તથા સમાધાન થયા અંગેની લેખિત અરજી ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર કાન્તિલાલ ધનજીભાઈ ગજેરા ગામ -ધોરાજી શહેર, તેઓની અરજીના નોંધણી નં: ૭૨/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓ ગ્રાહક નં.૩૩૭૦૮/૦૮૨૧૬/૮, વ્રજલાલ ધનજીભાઈ ગજેરા ગ્રાહક નં.– ૩૩૭૦૮/૦૮૨૧૭/૬, રાકેશ છગનભાઈ ગજેરા ગ્રાહક નં૩૩૭૦૮/૦૮૨૧૮/૪, બાલધા કેતન છગનભાઈ ગ્રાહક નં૩૩૭૦૨/૦૦૨૯૭/૯, મંજુલાબેન ચંદુલાલ બાલધા ગ્રાહક નં૩૩૭૦૮/૦૮૯૭૬/૬ થી વીજજોડાણ ધરાવે છે.

૪.૨ **અરજદારની** ફરિયાદના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પેરા નં ૩.૨ મુજબની વિગતે જરૂરી આધાર પુરાવા ને ધ્યાને લઇને સોલાર પાવર યુનિટ ખરીદ ભાવ રૂ.૩.૨૪ પ્રમાણે કરાર થયો હતો તે મુજબ કરી આપતા – અરજદાર ને કોઈ ફરીયાદ રહેતી ન હોય – લેખીત સમાધાનપત્ર તા.૧૦–૧૦–૧૯ માં સહી કરી આપેલ છે.

૪.૩ વધુમાં ઉપરોકત બાબતે – From available records, Forum committee has observed that one petition number 1770 / 2018 dated 27 November 2018 is filed before GERC “In the matter of petition under section 129 off the electricity act 2003 read with regulation 62 (b) of GERC (conduct of business) Regulation 2004 for seeking order through appropriate directions for securing compliances by the licensee which has contravened certain provisions contained in notification number 05 / 2016 GERC ( Net-metering Rooftop Solar PV Grid Interactive Systems) Regulation 2016 and that the net export of energy by the consumer to distribution grid during billing cycle, distribution licensee shall purchase surplus power, after giving set off against consumption during the billing period, at the APPC determined by the commission for the year in which the Rooftop Solar PV System is Commissioned over the life of the system and the other related issues”

૪.૪ According to GERC (CGRF and Ombudsman) Regulation 2019 notification number 2 of 2019, there are following limitations / preconditions for submission of grievances before CGRF. As per GERC Regulation 2019 notification number 2 of 2019, clause 2.33 (i) “ A complainant shall not be entitled to approach the forum In cases where proceedings in respect of the same matter and between the same Complainant and the Licensee, are pending before any court, tribunal, arbitrator or any other authority, or a decree or award or a final order has already

been passed by any such court, tribunal, arbitrator or authority"

૪.૫ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – ફરીયાદી અરજદાર અને પીજીવીસીએલ પક્ષકાર વચ્ચે સમાધાન કરેલ છે, પરંતુ ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે – જે કંઈ નિર્ણય આવે તે અરજદાર અને પીજીવીસીએલને બંધનકર્તા રહેશે. આમ, સદર કેઈસ મા, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી.

૪.૬ ઉપરોકત મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |